## ભરૂચની જામા મસ્જિદ વિવાદમાં હાઈકોર્ટની પક્ષકારોને નોટિસ

**વધુ** સુનાવણી આગામી તા.2 નવેમ્બરે યોજવામાં આવશે

ભરૂચ: 14મી સદીની ભરૂચની જામા મસ્જિદ અંગેના વિવાદ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. હાઈકોર્ટે પક્ષકારો ભરૂચ કલેક્ટર, મસ્જિદ ટ્રસ્ટ, રાજ્ય સરકાર અને આર્કિયોલોજીકલ સરવે ઓફ ઈન્ડિયા (ASI)ને નોટિસ પાઠવીને વધુ સુનાવણી આગામી તા.2 નવેમ્બરે રાખી છે.

આ મુદ્દે રાજ્ય વતી સરકારી વકીલે જણાવ્યું કે, આ સ્ટ્રક્ચરને સુરક્ષા આપવી જરૂરી છે. કારણ કે તેમાંથી જૈન તીર્થંકરની મૂર્તિ મળી છે. જોકે, હાઈકોર્ટમાં નવી બેન્ચ સમક્ષ સોમવારે પ્રથમવાર સુનાવણી યોજાતાં હાઈકોર્ટે અત્યારે કોઈપણ પગલાં લેવાનો ઈનકાર કર્યો છે. ભગવાન મલ્લિનાથની મૂર્તિનું રક્ષણ કરવા નિર્દેશો આપવા વિનંતી કરતાં આ કેસમાં ભરૂચના પાંચ અરજદારોએ મસ્જિદ પરિસરમાં જૈનોના 19મા તીર્થંકર ભગવાન મલ્લિનાથની મૂર્તિની તાત્કાલિક સુરક્ષા અને પૂજા કરવાની મંજૂરી આપવાની માંગ કરી છે. સ્થાનિક રહીશો હરિશંકર જૈન અને રાહુલ દીવાન સહિતના અરજદારોએ હાઈકોર્ટમાં અરજી કરી સત્તાવાળાઓને ભગવાન મલ્લિનાથની મૂર્તિનું રક્ષણ કરવા તાકીદના નિર્દેશો આપવા વિનંતી કરી છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે, આ પ્રાચીન સ્મારકના સ્વરૂપને લઈને ચાલી રહેલા વિવાદ અને તણાવના કારણે મૂર્તિનો નાશ થઈ શકે છે.

અરજદારોના વકીલે રજૂઆત કરી હતી કે, ભગવાન મલ્લિનાથની મૂર્તિ જૈન સમાજ માટે અત્યંત પવિત્ર છે અને જૈન સમુદાયના સભ્યોને ત્યાં પૂજા કરવાની મંજૂરી આપવામાં આવે, અન્યથા તેમની ગેરહાજરીમાં મૂર્તિ નષ્ટ થઈ જશે. વકીલે જણાવ્યું કે, જામા મસ્જિદ 1909થી ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણનું સંરક્ષિત સ્મારક જાહેર થયેલું છે અને તે રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે. હાલમાં તે પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ, 1958 હેઠળ ASIના સંરક્ષણમાં છે. કાયદા મુજબ સ્મારકનાં મૂળ સ્વરૂપને બદલી શકાય નહીં, પરંતુ પ્રવર્તમાન વિવાદને જોતા અરજદારોને મૂર્તિની સુરક્ષા અંગે ડર છે.

મસ્જિદના ભોંયરામાંથી ભગવાન મલ્લિનાથની મૂર્તિ મળતાં વિવાદ સંદર્ભે રાજ્ય સરકાર અને ભરૂચ કલેક્ટર વતી સરકારી વકીલે રજૂઆત કરી હતી કે તેમને અરજદારની દલીલોમાં કેટલુંક તથ્ય જણાય છે. અરજદારોએ કેન્દ્ર સરકાર, ASI, રાજ્ય સરકાર અને જામી મસ્જિદની પ્રબંધક સમિતિને આ કેસમાં પક્ષકાર બનાવ્યા છે.

### અગાઉ મૂર્તિ મળ્યા બાદ હિન્દુ અને જૈન સમાજે રેલી કાઢી હતી

જામા મસ્જિદ પરનો આ વિવાદ આ વર્ષની શરૂઆતમાં ત્યારે શરૂ થયો હતો જ્યારે જૈનોએ દાવો કર્યો હતો કે મસ્જિદના ભોંયરાના ભાગમાં તપાસ દરમિયાન ભગવાન મલ્લિનાથની મૂર્તિ મળી આવી હતી. મસ્જિદનું નિર્માણ 14મી સદીમાં ગિયાસુદ્દીન તુઘલકના શાસન દરમિયાન થયું હોવાનું માનવામાં આવે છે. મૂર્તિ મળી આવ્યા બાદ હિન્દુ અને જૈન સમાજના સ્થાનિક જૂથોએ રેલી કાઢી હતી.



## SIR પ્રક્રિયાના વિરોધમાં વ્યારામાં કોંગ્રેસની બેઠક

વ્યારા: દેશમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા SIR પ્રક્રિયામાં આચરવામાં આવેલી ગેરરીતિના વિરોધમાં કોંગ્રેસ છેલ્લા ઘણા દિવસોથી મેદાનમાં ઊતરી છે. જેને લઈ સમગ્ર દેશમાં કોંગ્રેસે વિરોધ કાર્યક્રમ કરવાનું આહવાન કર્યું છે. ત્યારે સોમવારે વ્યારામાં રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના નિરીક્ષક મોહન જોષીએ મહત્ત્વની બેઠક યોજી હતી,. દરમિયાન અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના નિરીક્ષક મોહન જોષીએ પત્રકાર પરિષદ યોજી હતી અને વોટચોરી મુદ્દે કોંગ્રેસની રણનીતિ અંગે ખૂલીને વાત કરી હતી.

વોટ ચોરીને લઈને ભાજપ ચૂંટણી પંચના કમિશનર જ્ઞાનેશ કુમારને બચાવવા માટે અવનવા પ્રયોગો કરતી હોવા સહિત નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીથી ભાજપ ડરી ગઈ હોવાનું જણાવ્યું હતું. વોટ ચોરી મુદ્દે વ્યારામાં દક્ષિણાપથ ખાતે યોજાયેલી મહત્વની બેઠકમાં વ્યારાનાં પૂર્વ ધારાસભ્ય પુનાજી ગામીત સહિત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અને અન્ય હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## મધ્યાહન ભોજન યોજનામાં NGO પ્રથા સામે કર્મચારીઓનો વિરોધ

**દક્ષિણ** ગુજરાતના કર્મચારી યુનિયને ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



વ્યારા: મધ્યાહન ભોજન યોજનામાં ગેરસરકારી સંસ્થાઓ (NGO) દ્વારા બાળકોને ભોજન પૂરું પાડવાની પ્રથા સામે દક્ષિણ ગુજરાત મધ્યાહન ભોજન કર્મચારી યુનિયને વિરોધ નોંધાવ્યો છે. આ મુદ્દે યુનિયન દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સંબોધીને તાપીમાં ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર પાઠવી NGO મારફતે ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે બંધ કરી અગાઉથી ચાલી આવતી વ્યવસ્થા યથાવત્ રાખવાની માંગ કરવામાં આવી છે.

યુનિયન દ્વારા પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રાજ્યની સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત બાળકોને ગરમ, તાજું અને પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. આ યોજના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં રહેતી ગરીબ મહિલાઓને રોજગારી પૂરી પાડવા સાથે પણ જોડાયેલી છે. ખાસ કરીને આદિવાસી, વિધવા અને ત્યકતા બહેનો આ યોજના હેઠળ કામગીરી કરીને પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે. ત્યારે યુનિયને આશંકા વ્યક્ત કરી છે કે જો મધ્યાહન ભોજનની જવાબદારી ખાનગી સંસ્થા NGO ને સોંપવામાં આવશે તો અનેક પરિવારોની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર પડી શકે છે. યુનિયનના મતે, હાલની વ્યવસ્થામાં સ્થાનિક સ્તરે ભોજન તૈયાર થતું હોવાથી બાળકોને સમયસર ભોજન મળી રહે છે અને સ્થાનિક કર્મચારીઓને રોજગારી પણ મળે છે. આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અનેક ગામો અંતરિયાળ અને દુર્ગમ સ્થળોએ આવેલા છે. ક્યાંક નદીઓ, કોતરો અને ખરાબ રસ્તાઓને કારણે અવરજવરમાં મુશ્કેલી પડે છે. આવી પરિસ્થિતિમાં NGO માટે તમામ શાળાઓમાં યોગ્ય સમયે ભોજન પહોંચાડવું પડકારરૂપ બની શકે છે.

## ધારીખેડા સુગર પાસે કારે બે બાઈકને અડફેટે લીધી, એકનું મોત

**વિરસિંગપુરા** ગામના બે યુવકને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખસેડાયા

રાજપીપળા: રાજપીપળા-અંકલેશ્વર હાઈવે રોડ ઉપર ધારીખેડા સુગર ફેક્ટરી પાસે કાર ચાલકે બે મોટરસાઈકલને ટક્કર મારતાં મહારાષ્ટ્રના એક યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવકને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવમાં ફરિયાદના આધારે આમલેથા પોલીસે કારચાલક સામે ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ નાંદોદ તાલુકાના વિરસિંગપુરાના કૂવા ફળિયામાં રહેતા જયેશભાઈ અશોકભાઈ વસાવા (ઉં.વ.૨૭) અને તેમના મિત્ર સંજયભાઈ સવૈલાલ વસાવા પોતાની મોટરસાઈકલ નં.(GJ-22-R-0496) લઈ ગઈકાલે ૨૫ ઓક્ટોબરે રાત્રે આશરે ૯ વાગ્યાના અરસામાં પ્રતાપનગર જવા માટે નીકળ્યા હતા. દરમિયાન ધારીખેડા સુગર ફેક્ટરી પાસે પાછળથી પૂરઝડપે આવી રહેલી એક કાળા કલરની કાર નં.(GJ-22-P-9806) ના ચાલકે તેમની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કર પહેલાં કાર ચાલકે આગળ જઈ રહેલી અન્ય એક મોટરસાઈકલ નં.(MH-19-CL-5017)ને પણ અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં તે બાઈક ચાલક નારાયણ ધનસિંગ રાઠોડ (ઉં.વ.૩૫) (રહે.,નિમ્બોરી, તા.પાચોરા, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર)ને માથાના તથા પગના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત જયેશભાઈ અને સંજયભાઈને બંને પગે, ઘૂંટણે, માથા તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટના અંગે ઈજાગ્રસ્ત જયેશભાઈ વસાવાની ફરિયાદના આધારે આમલેથા પોલીસ સ્ટેશનમાં કાર ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બનાવ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

## દહેજમાં ટેન્કરે બાઇકને અડફેટે લેતાં મહિલાનું મોત

ભરૂચ: દહેજ રિલાયન્સ ગેટ નં.4 નજીક પૂરઝડપે આવી રહેલા ટેન્કરે બાઇક સવાર દંપતીને અડફેટે લીધું હતું. આ અકસ્માતમાં ગંભીર ઇજાના કારણે મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. વ્યવસાયે ડોક્ટર દંપતી પોતાની બાઇક પર સવાર થઈને જઈ રહ્યું હતું. દરમિયાન ટેન્કર ચાલકે બેદરકારીપૂર્વક વાહન ચલાવી બાઇકને ટક્કર મારી હતી અને મહિલાને કચડી નાંખી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહિલાએ ક્ષણભરમાં જ દમ તોડી દીધો હતો. આ દુર્ઘટનામાં સૌથી વધુ હૃદયદ્રાવક બાબત એ રહી કે મૃતક મહિલાના પતિની નજર સામે જ તેમની પત્નીનું મોત નીપજ્યું હતું. મૃતક મહિલાની ઓળખ બિંદુદેવી સંજુ મિશ્રા તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ દહેજ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અકસ્માત સર્જ્યા બાદ ચાલક વાહન ઘટના સ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે લાશને પીએમ અર્થે ખસેડી ફરાર ટેન્કર ચાલક વિરુદ્ધ કાર્યવાહી આદરી છે.

## ઓલપાડના કઠોદરામાં વીજ વાયર્સ ચોરતી ગેંગનો આતંક!

**બે** દિવસમાં 43 ગાળાના વીજ વાયર્સની ચોરીથી ખળભળાટ

**2.50** લાખથી વધુનું નુકસાન થયાની આશંકા

**50** હેક્ટર જમીનમાં શેરડીના પાક પર સંકટ


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના કઠોદરામાં વીજ વાયર્સની ચોરીની બે દિવસમાં બનેલી સતત ઘટનાઓથી ખેડૂતોમાં ચિંતાની સાથે રોષની લાગણી ફેલાઈ છે. તસ્કરો દ્વારા શનિવારે 27 ગાળાના અને રવિવારે રાત્રે વધુ 20 ગાળાના વીજવાયરોની ચોરી કરવામાં આવતાં કુલ 47 ગાળાના વીજ વાયર્સ ગાયબ થયા છે. આ ચોરીના કારણે અંદાજે રૂ.2.50 લાખથી વધુનું નુકસાન થયું હોવાનું જાણવા મળે છે. કઠોદરા ગામની સીમમાં આશરે 50 હેક્ટર જમીનમાં શેરડીનો પાક ઊભો છે. ખેતી માટે સમયસર સિંચાઈ કરવી જરૂરી હોવાથી વીજ પુરવઠો ખોરવાય અને પાણી ન મળે તો શેરડીનો પાક સુકાઈ જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. જો સમયસર વીજ વ્યવસ્થા પૂર્વવત્ નહીં થાય તો ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે છે. બે દિવસમાં વારંવાર વીજ વાયર્સની ચોરી થવાની ઘટનાએ ખેતીવાડી વિસ્તારમાં સુરક્ષાનો પ્રશ્ન ઊભો કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કઠોદરા ગામે કોસંબાને જોડતા રોડ પર ગ્રામ પંચાયત દ્વારા લગાવવામાં આવેલા CCTV કેમેરા હાલ બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે. એક તરફ ગામની સીમમાં બે દિવસમાં 47 ગાળાના વીજ વાયર્સની ચોરી થતાં ચકચાર મચી છે.

## દમલાઈ ગામે અગાઉ સરપંચ ચૂંટણીના વિવાદ મુદ્દે મારામારી

**એક** મહિલા સહિત પાંચ ઈસમ સામે ગુનો નોંધાયો

ઝઘડિયા, ભરૂચ: ઝઘડિયાના દમલાઈ ગામે સરપંચની ચૂંટણી ફોર્મ ભરવાના વિવાદને લઈ મારામારી થઈ હતી. ગત ૨૫ ઓક્ટોબરની રાત્રે આ બનાવ બન્યો હતો.

દમલાઈ ગામના ડ્રાઈવર કામ કરતા મુકેશભાઈ ધુળાભાઈ વસાવા (ઉં.વ.૪૫)એ જણાવ્યું છે કે, ગત ૨૫ ઓક્ટોબરની રાત્રે તેઓ ઘરે હાજર હતા અને જમીન પરવારી રહ્યા હતા. દરમિયાન ગામના રહીશ રોહિતભાઈએ ફોન કરીને જાણ કરી હતી કે ગામની થોડી દૂર મંદિર બાજુ બધા ભેગા થયા છે અને બબાલ કરે છે. આ અંગે માહિતી મળતાં જ તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ત્યાં તેઓના દીકરા રીતેશ સાથે ગામનાં પ્રેમીલાબેન સુખદેવ વસાવા, આદિત્ય ભરતભાઈ વસાવા, નરેશભાઈ સુખદેવ વસાવા, સુરેન્દ્રભાઈ સુખદેવ વસાવા અને સુખદેવ છગન વસાવા ગાળાગાળી કરી રહ્યાં હતાં. તેઓ તેમને સમજાવવા ગયા ત્યારે આરોપીઓએ તેમની સાથે ઝઘડો કર્યો હતો. દરમિયાન આરોપી સુખદેવ છગનભાઈ વસાવાએ નજીકમાં પડેલો પથ્થર લઈ તેમના દીકરા રીતેશભાઈને ડાબી આંખની ભમર ઉપર માર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘવાયો હતો. બાદ ઈજાગ્રસ્ત દીકરાને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઝઘડિયા ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના ગામની સરપંચની ચૂંટણીમાં પ્રેમીલાબેન વસાવા સામે તેઓએ ઉમેદવારી કરી હોવાથી તેની રીસ રાખી ઝઘડો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. તેઓએ ઝઘડિયા પોલીસમાં એક મહિલા સહિત પાંચ ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.

## દેલાડમાં શ્રમિકે ફાંસો ખાધો

સાયણ: મૂળ રાજસ્થાનના બાંસવાડાનો શ્રમિક ગોવિંદ હડીયા પટેલ (ઉં.વ.૨૨) હાલ ઓલપાડના દેલાડની શિવશક્તિ-૩ ઈન્ડસ્ટ્રિઝના પાંચમા માળે મમતા ભવનની રૂમમાં રહેતો હતો. કડિયાકામની મજૂરી કરતો ગોવિંદ ગત રવિવારે સવારે ૮:૩૦થી સાંજે ૫ કલાકના સમયગાળામાં રૂમમાં એકલો જ હતો. ત્યારે અગમ્ય કારણોસર તેની રૂમમાં દોરી પંખાની હૂક સાથે બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

## બારડોલીમાં લેઉવા પાટીદાર સમાજનો ગરબા મહોત્સવ યોજાયો




બારડોલી: બારડોલી સ્થિત સમાજની વાડી ખાતે સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ દ્વારા ભવ્ય 'શારદાબા (દિગસ) ગરબા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૩૪ ગામની ટીમોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને 'શારદાબા (દિગસ) ગરબા મહોત્સવ' નામ આપવા માટે સોમાભાઈ દેસાઈ પરિવાર તરફથી રૂપિયા ૫૨ લાખની માતબર રકમનું દાન પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સમાજમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર આગેવાનોનું સમાજ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દિગસ ગામના મગનભાઈ રામભાઈ દેસાઈએ તેમના ૭૫મા જન્મદિવસ નિમિત્તે ખાસ ઉપસ્થિત રહીને સમાજ માટે વચનદાન જાહેર કર્યું હતું. કાર્યક્રમના અંતે સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ દ્વારા દાન આપનાર, વચનદાન કરનાર તથા જાહેરાત આપનારા તમામ દાતાઓ અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### તરસાડા બાર ખાતે મહારાણા પ્રતાપની પ્રતિમાના નિર્માણ અર્થે ભૂમિપૂજન


હિતેશ પટેલ

માંડવી: વીર શિરોમણી મહારાણા પ્રતાપની ભવ્ય પ્રતિમાના નિર્માણ અર્થે તરસાડા બાર ખાતે ભૂમિપૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અવસરે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રતિમાનું ભૂમિપૂજન સંપન્ન થયું હતું. આ સમારોહમાં કરણસિંહ ચાવડા, દિલીપસિંહ રાઠોડ, નરેન્દ્રસિંહ મહીડા તેમજ વિવિધ ક્ષત્રિય સમાજના જિલ્લા પ્રમુખો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

### દસ્તાનમાં સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્ય જિલ્લાના સાઇબર સેલ દ્વારા પલસાણાના દસ્તાનમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ખાતે ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નાગરિકોને સાયબર ફ્રોડથી જાગૃત કરવા માટે એક 'સાયબર અવેરનેસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાગૃતિ કાર્યક્રમ સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંગ અને સુરત ગ્રામ્યના પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના સીધા માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સાયબર સેલ યુનિટના પોલીસ સબ ઇન્સ્પેક્ટર જે.એમ.જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના આશરે ૮૫ જેટલા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર પ્રશંસનીય કામગીરી પીએસઆઇ જે.એમ.જાડેજા, અ.હે.કો. મયૂરભાઇ મહેન્દ્રભાઇ, પો.કો. ચિરાગભાઈ હસમુખભાઇ અને જીઆરડી દુર્ગેશ સંતોષભાઈ સહિતની સાયબર સેલ અને સાયબર એક્સપર્ટ્સની ટીમ થકી પૂર્ણ થઈ હતી.

### તિલકવાડાના રેંગણ ગામે રૂ.1.13 લાખના ગાંજાના 38 લીલા છોડ ઝડપાયા

રાજપીપળા: તિલકવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના રેંગણ ગામના ગોલસા ફળિયામાં રહેતા રાયસિંગભાઈ રૂપસિંગભાઈ વસાવાના વાડામાં પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપીના કાચા ઘરની બાજુમાં વાડામાં ગેરકાયદે રીતે લીલા ગાંજાના નાના-મોટા કુલ ૩૮ છોડ ઉગાડેલા મળી આવ્યા હતા. ઘટના સ્થળે એફ.એસ.એલ. અધિકારીની ઉપસ્થિતિમાં કેમિકલ કિટ દ્વારા પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવતાં પદાર્થમાં કેનાબીસના સક્રિય ઘટકો હોવાની પુષ્ટિ થઈ હતી. તદઉપરાંત, ડિજિટલ વજન કાંટાની મદદથી પંચોની રૂબરૂમાં આ ૩૮ લીલા ગાંજાના છોડનું વજન કરવામાં આવતાં તેનું કુલ વજન ૨ કિલો ૨૬૦ ગ્રામ થયું હતું. જેની બજાર કિં. અંદાજે રૂ.૧.૧૩ લાખ આંકવામાં આવી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બારડોલીના ત્વિષા વ્યાસને ગરબા ક્ષેત્રે પુરસ્કાર



બારડોલી: ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિ અને ગરબાની પરંપરાને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવનાર બારડોલીનાં લોકનૃત્ય કલાકાર ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસને ગરબા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ પ્રતિષ્ઠિત 'ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન રાષ્ટ્રીય યુવા પુરસ્કાર-2025'થી સન્માનિત કરવામાં આવ્યાં છે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત સંગીત નાટક અકાદમી દ્વારા આપવામાં આવતું આ પ્રતિષ્ઠિત સન્માન નવી દિલ્હીના રવિન્દ્ર ભવન ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગીત નાટક અકાદમીનાં અધ્યક્ષ ડો.સંધ્યા પુરેચા તથા અકાદમીના સચિવ રાજુ દાસ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

### બારડોલીની પારસી સ્કૂલના આરવ પરમારની સિદ્ધિ

બારડોલી : બારડોલી બી.પી.ઝેડ. ટ્રસ્ટ સંચાલિત પેરિન એન્ડ બોમનશાહ મહેતા સેકન્ડરી સ્કૂલ (પારસી સ્કૂલ)ના વિદ્યાર્થીઓએ ગાંધીનગર ખાતે યોજાયેલી SGFI ગુજરાત રાજ્ય કક્ષાની થાંગ-તા માર્શલ આર્ટ સ્પર્ધામાં કુલ ચાર મેડલ જીતીને સમગ્ર બારડોલી પંથકનું ગૌરવ વધાર્યું છે. આ પ્રાચીન ભારતીય યુદ્ધકળાની અંડર-14 ભાઈઓની શ્રેણીમાં શાળાના ખેલાડી આરવ પરમારે શાનદાર પ્રદર્શન સાથે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે અને હવે તે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે દિલ્હી ખાતે ગુજરાત રાજ્યની ટીમ વતી મેદાને ઊતરશે. આ સ્પર્ધામાં અન્ય ખેલાડીઓએ પણ રાજ્ય સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરતા અંડર-19 ભાઈઓની કેટેગરીમાં ધૈર્ય મિશ્રાએ સિલ્વર મેડલ અને વિરાટ માલીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે, જ્યારે બહેનોની શ્રેણીમાં હેમાંગિની ઉકાણીએ બ્રોન્ઝ મેડલ પર કબજો જમાવ્યો છે. વિદ્યાર્થીઓની આ ઐતિહાસિક સિદ્ધિ પાછળ શાળાના આચાર્યા જિજ્ઞાસા પટેલનું સતત પ્રોત્સાહન, કોચ વિજય પરમારની ટેકનિક અને માર્ગદર્શન તથા પી.ટી. શિક્ષક સુનીલ પટેલની સખત મહેનતનો સિંહફાળો રહ્યો છે.

### પ્રતિન ચોકડી ઓવરબ્રિજ ત્રણ દિવસથી બંધ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં નિલેશ ચોકડી નજીક હાઇવે ઓવરબ્રિજ સાથે કન્ટેનર અથડાતાં બ્રિજનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો. આ દુર્ઘટના બાદ સુરક્ષાના કારણોસર પ્રતિન ચોકડીથી જીઆઈડીસી તરફ જતો ઓવરબ્રિજ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. જોકે, છેલ્લા ત્રણ દિવસથી બ્રિજ બંધ રહેતાં આ વિસ્તારમાં ટ્રાફિકજામની સમસ્યા વકરી છે અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.


Milano MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer - 12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm
Pahla Pyaar Doosri Baar
11:00am
Damru-Gujarati-
02:00pm, 09:00pm
418 - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**ગ્રામ પંચાયત મજીગામ**
**તા.ચીખલી જિ.નવસારી**

આથી મોજે મજીગામ તા.ચીખલી જિ.નવસારી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ડેરા ફ.આંગણવાડી કેન્દ્ર નું મકાન જર્જરીત હોય તેને તોડી પાડવાં અને કાટમાળની જાહેર હરાજી કરવા તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ શુક્રવારે બપોરે ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત મજીગામના મકાનમાં સરપંચ શ્રી મજીગામના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હોય રસ ધરાવતા ઈસમોએ જાતે નિરીક્ષણ કરી લઈ ઉપસ્થિત રહેવા આથી જાહેર કરવામાં આવે છે જાહેર હરાજી ની બોલી શરતો તે જ દિવસે સમય ના અડધા કલાક પહેલાં જણાવવામાં આવશે. હરાજી ના નિયમો શરતો તથા તારીખ કે કોઈપણ પ્રકારના ફેરફારના અધિકાર ગ્રામ પંચાયતના આખરી રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત મજીગામ, તા.ચીખલી, જિ.નવસારી.



**ગ્રામ પંચાયત મલવાડા**
**તા.ચીખલી જિ.નવસારી**

આથી મોજે મલવાડા તા.ચીખલી જિ.નવસારી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ મલવાડા ગામતળ આંગણવાડી કેન્દ્ર અને મલવાડા મંદિર આંગણવાડી કેન્દ્ર નુ મકાન જર્જરીત હોય તેને તોડી પાડવાં અને કાટમાળની જાહેર હરાજી કરવા તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ શુક્રવારે બપોરે ૦૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત મલવાડાના મકાનમાં સરપંચ શ્રી મલવાડાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હોય રસ ધરાવતા ઈસમોએ જાતે નિરીક્ષણ કરી લઈ ઉપસ્થિત રહેવા આથી જાહેર કરવામાં આવે છે જાહેર હરાજી ની બોલી શરતો તે જ દિવસે સમય ના અડધા કલાક પહેલાં જણાવવામાં આવશે. હરાજી ના નિયમો શરતો તથા તારીખ કે કોઈપણ પ્રકારના ફેરફારના અધિકાર ગ્રામ પંચાયતના આખરી રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત મલવાડા, તા.ચીખલી, જિ.નવસારી.



**જાહેર નિવિદા**

આથી મોજે પલસાણા તા-પલસાણા, જિ.-સુરત ખાતે આવેલ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પ્રાથમિક શાળા સદ્દગુરૂ, પલસાણા ખાતે જર્જરિત 3(ત્રણ) ઓરડા તેમજ મધ્યાહન ભોજન રૂમ તોડવાની મંજૂરી અન્વયે ઓરડા તોડી જાહેર હરાજી કરવાની તારીખ: 03/11/2026ને મંગળવારના રોજ સવારે 11.30 કલાકે સ્થળ પર હાજર રહી હરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે. આ કામે હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. ડિપોઝીટ પેટે 1,500 (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા)ની રકમ હરાજીના સમય પહેલા જમા કરાવવાની રહેશે.

તા. 27/10/2026
પ્રાથમિક શાળા, સદ્દગુરુ
તા. પલસાણા,
જિ. સુરત.

શાળા વ્યવસ્થાપન સમિતિ, સદ્દગુરૂ
તા-પલસાણા, જિ.-સુરત
પિનકોડ નંબર-394315
મો.નં. 97220566682



**ધામડોદ ગ્રામ પંચાયત**
**જાહેર નિવિદા**

આથી હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોને જણાવવાનું કે માંગરોળ તાલુકાની ધામડોદ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ ધામડોદ આંગણવાડી નં.૧ જર્જરીત આંગણવાડી મકાનની હરાજી તા.૨૮/૧૦/૨૦૨૬ બુધવારે સવારે ૧૨.૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી ધામડોદ ખાતે રાખવામાં આવેલ છે. હરાજીની શરતો હરાજીના દિવસે ૧ કલાક પહેલા વાંચી સંભળાવવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ આધારકાર્ડ સહિતનાં પુરાવા રજૂ કરવાનાં રહેશે. હરાજી અંગેના અધીકાર ધામડોદ ગ્રામ પંચાયતનો રહેશે.

ઉપસરપંચ
ધામડોદ ગામ પંચાયત
મૂપો. ધામડોદ, તા.માંગરોળ
જી. સુરત

સરપંચ
ધામડોદ ગામ પંચાયત
મૂપો. ધામડોદ, તા.માંગરોળ,
જી. સુરત